# મલ્ટીમોડેલ લોજિસ્ટિક્સ સર્વિસ પ્રદાતા ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ ૨૫૦ કરોડનું મૂડી ખર્ચ કરવાનું આયોજન કર્યુ

ભારતની અગ્રણી સંકલિત સપ્લાય ચેઈન અને લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રદાતા ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ. (ટીસીઆઇ)એ આજે ઘોષણા કરી હતી કે તે આગામી નાણાકીય વર્ષ એટલે કે FY23 માટે આશરે રૂ. ૨૫૦ કરોડનું મૂડી ખર્ચ કરવાનું આયોજન કરી રહી છે. કુલ કેપેક્સ (મૂડી ખર્ચ)માંથી, કંપની જહાજો અને કન્ટેનર પર રૂ. ૧૦૦-૧૨૫ કરોડનો ખર્ચ કરશે. ટીસીઆઇ આવકમાં લગભગ ૧૨-૧૫ ટકા વૃદ્ધિ અને નફામાં ૨૦ ટકા વૃદ્ધિ જોઈ રહી છે. કેપેક્સ યોજનાઓ પર ટિપ્પણી કરતા, ટીસીઆઇના મેનેજિંગ ડિરેક્ટર વિનીત અગ્રવાલે જણાવ્યું હતું કે, અમે આગામી નાણાકીય વર્ષમાં આશરે રૂ. ૨૫૦ કરોડના કેપેક્સની અપેક્ષા રાખીએ છીએ. આમાંથી, આશરે રૂ. ૧૦૦-૧૨૫ કરોડ જહાજો અને કન્ટેનર પાછળ ખર્ચવામાં આવશે અને, અલબત્ત, અમુક રકમ - જેમ કે રૂ. ૩૦-૫૦ કરોડ - ટ્રકો માટે ખર્ચવામાં આવશે. તે પછી, અમે વેરહાઉસ બનાવવા પર પણ ખર્ચ કરીશું. જે લગભગ રૂ. ૭૫ કરોડનો ખર્ચ થશે. અગ્રવાલે એ પણ ઉલ્લેખ કર્યો કે વડાપ્રધાનની ગતિ શક્તિ પહેલ એ એક ચાવીરૂપ કાર્યક્રમ છે કારણ કે તેનો એક ઉદ્દેશ્ય લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો કરવાનો છે, જે મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટેશનમાં પરિવર્તન આવશે તો જ થશે. આગામી વર્ષ માટે, અમે આવક લગભગ ૧૨-૧૫ ટકાના વધારાને જોઈ રહ્યા છીએ અને કદાચ ૨૦ ટકા (વૃદ્ધિ) નફામાં થશે. તેથી, લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો કરવા માટે મલ્ટિમોડલમાં પરિવર્તન થવુ જોઈએ. ભારતના મલ્ટિમોડલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણની આસપાસ થઈ રહેલા તમામ પ્રયાસો અને પ્રવૃત્તિને સમન્વયિત કરવા માટે આ કાર્યક્રમ અમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. મલ્ટિમોડલનો અર્થ એ છે કે તમે પરિવહનના વિવિધ મોડ્સ વચ્ચે એકીકૃત રીતે આગળ વધી શકો છો. આ લોજિસ્ટિક્સ પ્રદાતા તેમજ ગ્રાહક માટે અંતરાયમુક્ત હોવું જોઈએ. એવો અંદાજ છે કે આગામી ૫-૧૦ વર્ષોમાં, વિદ્યુતીકરણ, જે હાલમાં છેલ્લા તબક્કામાં છે અથવા શહેર સ્તરે છે તે વધશે. બળતણના વૈકલ્પિક સ્ત્રોતોનો ઉપયોગ - જેમ કે CNG, LNG અને આખરે હાઇડ્રોજનમાં વધારો થશે. સપ્લાય ચેઇન સેગમેન્ટમાં ભારતને મુખ્ય ખેલાડી બનાવવાની દિશામાં ટીસીઆઇની નવી પહેલ સાથે, કંપની બિઝનેસ અને ગ્રાહકો માટે લોજિસ્ટિક્સમાં વૈવિધ્ય લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.